## બોલાવમાં ઢોર ચરાવવા બાબતે તકરાર

કીમ:ઓલપાડ તાલુકાના બોલાવ ગામની સીમમાં ઢોર ચરાવવા બાબતે થયેલી તકરારમાં ખેડૂતને લાકડીના સપાટા મારી ઈજા પહોંચાડવાની ઘટના સામે આવી છે. બનાવ અંગે કીમ પોલીસ સ્ટેશનમાં એક શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ મુજબ બોલાવ ગામના જોરૂ ફળિયામાં રહેતા 58 વર્ષીય રાજેન્દ્રસિંહ ગણપતસિંહ સોલંકી તા.26 સપ્ટેમ્બર 2026ના રોજ બોલાવ ગામની સીમમાં ઝઘડિયા વગામાં આવેલા ખેતરમાં હતા. દરમિયાન ઢોર ચરાવવા બાબતે હિતેંદ્રસિંહ પ્રથમસિંહ સોલંકી સાથે તકરાર થઇ હતી. આક્ષેપ મુજબ આરોપીએ ગાળાગાળી કરી રાજેન્દ્રસિંહની આંખ અને ગાલના ભાગે તેમજ બંને પગમાં લાકડીના સપાટા માર્યા હતા. માર મારતા તેઓ જમીન પર પડી ગયા હતા અને તેમને મૂઢ મારની ઈજા પહોંચી હતી. ફરિયાદમાં વધુમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે જતા સમયે આરોપીએ ફરી આ ખેતરમાં ઢોર ચરાવવા આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે કીમ પોલીસે ભારતીય ન્યાય સંહિતા કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પલસાણામાં તર્પણ વિધિ કરવા ગયેલા વૃદ્ધનું ડૂબી જતાં મોત

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કરણ ગામની સીમમાંથી પસાર થતી નહેરમાં ડૂબી જતાં વૃદ્ધનું મોત નીપજ્યું હતું. મૂળ બિહારના મધુબની જિલ્લાના બીસ્પી થાણા હેઠળના દુલ્હા ગામના વતની અને હાલ પલસાણા તાલુકાના કડોદરા ગામ ખાતે હરિ હં ત પાર્કમાં આવેલા શ્રીજી પેલેસ (ફ્લેટ નં. બી-૩૦૩) માં રહેતા ૬૦ વર્ષીય શ્રીઅવધેશ રઘુનંદન ઝા મજૂરી કામ કરતા હતા. ગત તારીખ ૨૬/૦૯/૨૦૨૬ ના રોજ સવારે તેઓ કરણ ગામની સીમમાંથી પસાર થતી બગુમરાથી ચલથાણ જતી નહેરે ગયા હતા. સવારના ૭ થી ૮:૩૦ વાગ્યાના અરસામાં તેઓ નહેરના કાંઠે તર્પણ વિધિની પૂજા કરી રહ્યા હતા, તે દરમિયાન અચાનક જ તેમનો પગ લપસી ગયો હતો. પગ લપસી જતાં તેઓ નહેરના ઊંડા ડૂબી ગયા હતા.

## વરેલીની સહજાનંદ પોલિમર્સ કંપનીમાં દાઝી ગયેલા શ્રમિકનું મોત

પલસાણા : પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના કુશીનગર જિલ્લાના વતની અને હાલ પલસાણા તાલુકાના વરેલી ખાતે તિરૂપતી ઇન્ડસ્ટ્રીઝની પાછળ રહેતા ૪૫ વર્ષીય કનૈયા રાજધારી યાદવ વરેલી સ્થિત સહજાનંદ પોલિમર્સ કંપનીમાં કામ કરતા હતા. ગત તારીખ ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ સવારના આઠેક વાગ્યાના સુમારે તેઓ ફરજ પર હતા ત્યારે કંપનીના બોઇલરમાં લાકડાં નાખવા ગયા હતા. આ કામગીરી દરમિયાન અચાનક જ બોઇલરમાંથી આગની જ્વાળાઓ બહાર આવતા કનૈયાભાઈ લપેટમાં આવી ગયા હતા, જેમાં તેમને પીઠ, બંને હાથ અને બંને પગના ભાગે ગંભીર રીતે ઈજાઓ પહોંચી હતી. ૨૫ સપ્ટેમ્બરે તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

## મહુવાના કોદાદામાં ટેન્શનમાં 32 વર્ષીય મહિલાએ ઝેર પીધું

અનાવલ : સુરત જિલ્લાના મહુવા તાલુકાના કોદાદા ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં માનસિક તણાવમાં આવીને 32 વર્ષીય મહિલાએ ખેતરમાં છાંટવાની જંતુનાશક દવા પી લેતાં તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ મહુવા તાલુકાના કોદાદા ગામના 18 ગાળા ફળિયામાં રહેતા જ્યોત્સનાબેન શૈલેષભાઈ હળપતિ (ઉં.વ. 32) તા.25 સપ્ટેમ્બરના રોજ સવારે 4 વાગ્યાના સુમારે પોતાના ઘરે હતા. મોડી રાત્રે પણ ઊંઘ ન આવતા અને ભારે ટેન્શનમાં હોવાને કારણે તેમણે ઘરમાં રાખેલી ખેતીકામની જંતુનાશક દવાનું એક ઢાંકણ પી લીધું હતું.

# પલસાણા રસીકરણ કાંડમાં હેલ્થવર્કરને સસ્પેન્ડ કરી દેવાઇ

**સસ્પેન્ડ** કરી તંત્રનો બચાવ? બાળકોના વાલીઓમાં રોસ

**અન્ય** જવાબદારો સામે પણ કડક પગલાંની માગ

પલસાણા : ગત ૨૩ સપ્ટેમ્બરે પલસાણા-૦૧ સબ સેન્ટર પર મમતા દિવસ નિમિત્તે રસીકરણ બાદ માસૂમ બાળકોને પેરાસિટામોલને બદલે ડાયાબિટીસની ગોળી (ગ્લિમીપ્રાઇડ ૨ એમ.જી.) આપી દેવાતાં પાંચ બાળકોની તબિયત ગંભીર રીતે લથડી હતી અને તેમને તાત્કાલિક આઈ.સી.યુ.માં દાખલ કરવા પડ્યા હતા.

બાળકોના જીવ જોખમમાં મૂકતી આ અક્ષમ્ય બેદરકારી મામલે સુરત જિલ્લા પંચાયતે ફીમેલ હેલ્થ વર્કર (વર્ગ-૩) ઇન્દુબેન ચૌધરીને સસ્પેન્ડ કરી તેમનું હેડક્વાર્ટર ઉમરપાડાના ડોંગરીપાડા ખાતે ખસેડવાનો હુકમ કર્યો છે.

જોકે, પાંચ-પાંચ માસૂમ બાળકો મોતને મુખમાં ધકેલાતા બચ્યા હોવા છતાં આરોગ્ય તંત્રની આ કાર્યવાહી માત્ર ભીનું સંકેલવા સમાન હોવાનો ભારે રોષ વાલીઓ અને સ્થાનિકોમાં જોવા મળી રહ્યો છે. આટલી મોટી ઘટનામાં માત્ર એક નાના કર્મચારીને સસ્પેન્ડ કરીને ઉચ્ચ અધિકારીઓ અને આરોગ્ય વિભાગ પોતાની નિષ્ફળતા છુપાવી રહ્યા છે.

રસીકરણ અને દવા વિતરણ જેવી અતિ સંવેદનશીલ કામગીરીમાં સુપરવિઝનનો સદંતર અભાવ છતો થયો છે, તેમ છતાં કણાવ PHC ના જવાબદાર મેડિકલ ઓફિસર, સુપરવાઈઝર કે દવાના સ્ટોકની જાળવણી કરનારા અન્ય કોઈ પણ ઉચ્ચ કર્મચારી સામે તંત્રએ આંખ આડા કાન કર્યા છે.

માત્ર એક મહિલા કર્મચારીને બલીનો બકરો બનાવીને સમગ્ર તંત્ર પોતાનો બચાવ કરી શકે નહીં.

લોકોમાં ઉગ્ર માંગ ઊઠી છે કે આ પ્રકરણમાં માત્ર સસ્પેન્શન પૂરતી કાર્યવાહી કરવાના બદલે સબ સેન્ટરના સંચાલન પર દેખરેખ રાખનારા તમામ બેદરકાર અધિકારીઓ સામે પણ સમાન ધોરણે શિક્ષાત્મક પગલાં લેવાવા જોઈએ.

પોતાની વહીવટી ખામીઓ પર પડદો પાડવા તંત્ર માત્ર એક સસ્પેન્શનનો કાગળ ફાડીને બેસી ગયું છે, જે નિર્દોષ બાળકોના વાલીઓ માટે ભારે આક્રોશનો વિષય બન્યો છે. જ્યા સુધી અન્ય જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી અને પોલીસ ફરિયાદ નહીં થાય ત્યાં સુધી તંત્રની ભૂમિકા શંકાના ઘેરામાં જ રહેશે.


પ્રવીણ તેરૈયા

# અંકલેશ્વરમાં 510 કિલો ગૌમાંસ સાથે પાંચ ઝડપાયા

**પોલીસે** એક ગાય અને એક બળદને પણ મુક્ત કરાવ્યા

અંકલેશ્વર, ભરૂચઃ અંકલેશ્વરની પાનોલી પોલીસે પાનોલી ગામના ટેકરા ફળિયામાંથી 510 કિલો ગૌમાંસ સાથે પાંચ શખ્સને પકડ્યા છે. પોલીસે સ્થળ પરથી એક ગાય અને એક બળદને પણ મુક્ત કરાવ્યા છે.

પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે મોહમ્મદ સલમાન મોહમ્મદ સઈદ દીવાન, તેનો ભાઈ મોહમ્મદ સાહિલ સઈદ દીવાન અને અન્ય ત્રણ લોકો ઘરમાં ગૌવંશનું કટિંગ કરી રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. સ્થળ પરથી 510 કિલો ગૌમાંસ, 4 છરી, 5 મોટા છરા અને ઈલેક્ટ્રિક વજન કાંટો સહિત 82 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે મોહમ્મદ સલમાન, મોહમ્મદ સાહિલ, જીતેશ રમણ વસાવા, વિપુલ રમેશ વસાવા અને દલસુખ રણજિત વસાવાને ઝડપી લીધા છે. નોંધનીય છે કે મોહમ્મદ સલમાન સામે અગાઉ પણ પશુ ઘાતકી હેઠળ ગુનો નોંધાઈ ચૂક્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## બલેશ્વર પાટિયા પાસે ઇનોવા સાથેની ટક્કરમાં બોલેરો ચાલકનું મોત

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઈવે નંબર-48 પર બલેશ્વર પાટિયા નજીક શિવશંકર હોટેલ પાસે ઈનોવા કાર અને બોલેરો પિક અ પ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. રવિવારે બપોરે આશરે સવા બે વાગ્યાના અરસામાં બોલેરો (GJ-19-Y-0189) રસ્તો ક્રોસ કરી રહ્યું હતું, ત્યારે તે ઈનોવા કાર (GJ-15-CG-1145) સાથે ધડાકાભેર અથડાયું હતું. આ ગોઝારા અકસ્માતમાં ઈનોવામાં સવાર સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો સહિત અન્ય વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસ ફરિયાદ મુજબ, બોલેરો પિકઅપના ચાલક કિશન ગોપાજી ગમેતી (ઉ.વ. 32, મૂળ રહે. ઉદયપુર, રાજસ્થાન) ને ગંભીર ઈજાઓ પહોંચતા ચલથાણની સંજીવની હોસ્પિટલમાં તેમનું સારવાર દરમિયાન મોત થઇ ગયું હતું.

# પાલોદમાં જમીનની માપણી મુદ્દે મસ્જિદ ફળિયાના લોકો બાખડયા

**એકનું** દિવાલમાં માથું અથડાવી દીધુ તો એક પર કોયતાથી હુમલો

**પાલોદ** પોલીસે બંને પક્ષની ફરિયાદ લઇ છ સામે ગુનો નોંધ્યો

હથોડા : પાલોદ ગ્રામ પંચાયત ની જમીનમાં દબાણ બાબતે માપણી ગામના સરપંચ અને તલાટી કમ મંત્રીની હાજરીમાં કામકાજ ચાલી રહ્યું હતું ત્યારે બે મુસ્લિમ પક્ષો બાખડી પડતા અને છૂટા હાથની મારામારી પર ઉતરી પડતા એક તબક્કે ખોબા જેવડા ગામડામાં નાસ ભાગના દ્રશ્યો સર્જાયા હતા. સર્જાયેલી બબાલમાં બંને પક્ષો ને સામાન્ય ઈજા થવા પામી હતી. પોલીસે બંને પક્ષોની સામ સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.


ઈબ્રાહીમ કાનુ

ઘટનાની વિગત એવી છે કે પાલોદ ગામના સરપંચ અને તલાટી કમ મંત્રી તથા અન્ય કર્મચારીઓ ની હાજરીમાં કાર્ય ચાલી રહ્યો હતો ત્યારે સલીમ ગુલામ કાદર શેખ અને ઈકબાલ મોહંમદ શેખ વચ્ચે જમીનના દબાણ બાબતે બોલાચાલી થઈ હતી. ગાળા ગાળી બાદ બંને પક્ષો ઉશ્કેરાઈ જતા છુટા હાથની મારામારી પર ઉતરી પડ્યા હતા. જેમાં સલીમ ગુલામ કાદર શેખ ને મોઢાના ભાગે મક્કા નો માર મારતા ઈજા થવા પામી હતી તથા તેના પુત્ર તોસીફ ને દિવાલમાં અફાડી દેતા ઈજા થવા પામી હતી. જ્યારે સામા પક્ષે તોસીફ ઈકબાલ શેખ ને પગના ભાગે શેરડી કાપવાના કોઈતો મારતા સામાન્ય ઈજા થવા પામી હતી. બંને પક્ષોએ અલગ અલગ ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. બનાવ સંદર્ભે પાલોદ પોલીસે ઈકબાલ મહંમદ શેખ. તોસીફ ઈકબાલ શેખ, મુમતાજ ઈકબાલ શેખ જ્યારે સામા પક્ષે સલીમ ગુલામ કાદર શેખ, સોહેલ સલીમ શેખ, સાદીકા સલીમ શેખ (તમામ રહેવાસી પાલોદ ગામ મસ્જિદ ફળિયુ) ના કુલ છ જણાની સામે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## નવાગામના ગુમ થયેલા આધેડનો મૃતદેહ ખોલવડ તાપી નદીમાંથી મળ્યો

કામરેજઃ સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં આવેલા નવાગામમાં કોલોની ખાતે રહેતા મુકેશભાઈ શાંતીલાલભાઈ ભાલીયા (ઉં.વ.48) જેઓ બે દિવસ અગાઉ ગામમાં ગણપતિ વિસર્જન માટે ગયા હતા. રાત્રિના 9.00 કલાક સુધી ઘરે ન જતાં પત્ની કુસુમબેન પુત્ર સાથે પતિને બોલાવવા માટે ગયા હતા. ત્યારે મુકેશ ભાલીયાએ થોડીવારમાં આવું છું તેમ કહેતા પત્ની અને પુત્રને કહેતા ઘરે જતાં રહ્યા હતાં. સવારે ઊઠીને ઘરમાં જોતા મુકેશભાઈ ઘરમાં ન દેખાતા તપાસ કરતાં કોઈ જ ભાળ મળી ન હતી. રવિવારના રોજ ખોલવડ ગામની હદમાં સવારે 8.30 કલાકે તાપી નદીના પાણીમાંથી મળી આવતાં કામરેજ પોલીસને જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# નિઝર તાલુકામાં ચાર સાપનું રેસ્ક્યુ કરાયું

કુકરમુંડાઃ નિઝર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી સાપ દેખાવાની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે લોકોમાં ભયનું વાતાવરણ ન સર્જાય અને સાપને પણ સુરક્ષિત રીતે બચાવી શકાય તે માટે સ્નેક રેસ્ક્યુઅર દિલીપ પાડવી દ્વારા સતત રેસ્ક્યુ કામગીરી કરવામાં આવી રહી છે.

તાજેતરમાં દિલીપ પાડવીએ નિઝર મથક વિસ્તારમાંથી બે ધામણ સાપનું રેસ્ક્યુ કર્યું હતું. ત્યારબાદ નિઝર તાલુકાના કાવઠા ગામેથી એક નાગ તથા સરવાળા ગામેથી પણ એક નાગનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. આમ, નિઝર તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી કુલ ચાર સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

## પલસાણાના વરેલીમાંથી પરિણીતા બે બાળક સાથે ગુમ

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તા લુકાના વરેલી ગામમાંથી એક પરિણીતા પોતાના બે નાના બાળકો સાથે ગુમ થઈ જતાં કડોદરા GIDC પોલીસ મથકમાં ફરિ યા દ નોંધાઈ છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના જૌનપુર જિલ્લાના વતની અને હાલ પલસાણાના વરેલી ગામમાં પાયલ પાર્કમાં આવેલી વિરુભાઈની બિલ્ડીંગના રૂમ નંબર ૫ માં ભાડેથી રહેતા વિનોદકુમાર ટુનટુન ગૌતમ મજૂરી કામ કરે છે. ગત તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ તેમની ૩૦ વર્ષીય પત્ની જયાદેવી તેમના ૬ વર્ષીય મોટા દીકરા શિવમ અને ૩ વર્ષીય નાના દીકરા સુંદરમને લઈને બાજુમાં રહેતી કાકીને વતન જવાનું કહીને નીકળી ગયા બાદ ગુમ થઈ ગઈ છે. પોલીસે આ બનાવ અંગે જાણવાજોગ નોંધ કરી મહિલાને શોધવાનો પ્રયાસો શરૂ કર્યા છે.

# કરચેલિયામાં પોલીસે દારૂ ભરેલી ઈનોવા ઝડપી પાડી

**SMCએ** રૂ.13.79 લાખનો મુદ્દામાલ જપ્ત કરી, બુટલેગરો નાસી છૂટ્યા

અનાવલ : ગુજરાત રાજ્ય સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગરની ટીમે મહુવા તાલુકાના કરચેલીયા ગામે દારૂના મોટો કટિંગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. માનસરોવર રેસીડન્સીના ખુલ્લા પ્લોટ તેમજ યોગેશ પટેલના શેડમાં ઈનોવા ગાડીમાંથી વિદેશી દારૂનું કટિંગ ચાલી રહ્યું હતું, તે દરમિયાન દરોડો પાડી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી ઘટના સ્થળેથી ફરાર ઈસમોને વોન્ટેડ જાહેર કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

SMCના હેડ કોન્સ્ટેબલ પરબતસિંહ ખુમાનસિંહની ટીમને મળેલી બાતમી આધારે તા.25 સપ્ટેમ્બરના રોજ કરચેલીયા ખાતે દરોડો પાડ્યો હતો. પોલીસની રેડ દરમિયાન કેટલાક ઈસમો પોતાની કાર મૂકી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. પોલીસે ઘટના સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો, ક્વાટર્સ, બિયરના ટીન અને પ્લાસ્ટિકના ચપલા મળી કુલ 2983 નંગ દારૂ કિંમત રૂ.7,79,267 અને દારૂ ભરવા વપરાયેલી ઈક્કો કાર (GJ-05-RU-9063) તથા અન્ય કાર (GJ-05-CQ-5845) બંને ગાડીની કિંમત 6 લાખ રૂપિયા મળી કુલ રૂ.13,79,267નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**વોન્ટેડ આરોપીઓ**

નાસી ગયેલ ઈનોવા ગાડીનો અજાણ્યો ડ્રાઈવર, ઈક્કો ગાડીનો અજાણ્યો ડ્રાઈવર, રિટ્ઝ ગાડીનો અજાણ્યો ડ્રાઈવર, યોગેશભાઈ રવજીભાઈ ઢોળિયા પટેલ (રહે. કરચેલીયા, મહુવા), શૈલી વસાવા (રહે. બારડોલી તલાવડી), વિકાશ ઉર્ફે વિકાસ ભૈયો (રહે. પારડી, વલસાડ), સન્ની ઉર્ફે સન્ની ભેલ રાજેશ ગુપ્તા (રહે. પારડી,

# નર્મદા પર સેતુબંધ માટે નેધરલેન્ડ સાથે MOU

**ભરૂચ**-ભાવનગર વચ્ચે દરિયાઇ વચ્ચેને 60 કિમીનો મહાપ્રોજેક્ટ




ભરૂચઃ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને જોડતો ડો. અનિલ કાણેનો ડ્રીમ પ્રોજેક્ટ હવે વાસ્તવિકતાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરી રહ્યો છે. ભરૂચ જિલ્લાના પાણીયાદરાથી દરિયાઈ વટીને ભાવનગર માત્ર 60 કિલોમીટરના અંતરે પહોંચવાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરાયો છે, જે ભવિષ્યમાં જળ સુરક્ષાની દિશામાં ઐતિહાસિક સાબિત થવાની સંભાવના છે.

નવી દિલ્હીમાં યોજાયેલા ઈન્ડિયા ઈન્ટરનેશનલ વોટર વીક-2026માં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ અને ગુજરાતના પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં ભારત અને નેધરલેન્ડ વચ્ચે જળક્ષેત્રે મહત્વપૂર્ણ સહયોગ માટે MOU થયું છે. આ કરાર અંતર્ગત આવનારા ભવિષ્યમાં પાણીયાદરાથી સીધું ભાવનગરની ભૂમિને અડવા માટે બહુલક્ષી પ્રોજેક્ટ પૈકી 60 કિલોમીટર દૂર 16 લેન રોડ, 4 લેન રેલ્વે ટ્રેક સાથે ભરૂચની નર્મદા નદી સહિત 7 નદીઓનું મીઠું પાણી દરિયામાં જતું રોકાશે તેવો નિર્ણય કરાયો છે. આ સમગ્ર પ્રોજેક્ટ આગામી 8થી 10 વર્ષમાં આકાર લેશે.નેધરલેન્ડના સહયોગના માધ્યમથી ડો. અનિલ કાણેનો ડ્રીમ પ્રોજેક્ટ જ્ઞાતા કલ્પસર પરિયોજના, ક્ષમતા નિર્માણ તથા આધુનિક તકનીકી જ્ઞાન અને વિશેષજ્ઞતાના આદાન-પ્રદાનને નવી ગતિ મળશે. આ ભાગીદારી જળ વ્યવસ્થાપનના ક્ષેત્રમાં વૈશ્વિક અનુભવોને જોડતા જળવાયુ-અનુકૂળ અને દીર્ઘકાલિક જળ સુરક્ષાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. જળ સુરક્ષાથી જન સુરક્ષા અને રાષ્ટ્ર સુરક્ષા સુનિશ્ચિત કરવાની દિશામાં આ સહયોગ એક અર્થપૂર્ણ કદમ બની રહેશે.

ભરૂચ પાણીયાદરાથી ભાવનગર સુધીનો 60 કિલોમીટરનો 16 લેનનો રોડ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચે સેતુબંધ સમાન બનશે. આ રોડ વચ્ચે સાબરમતી, મહી, ઢાઢર અને નર્મદા સહિત ભાવનગરની સાત નદીઓનું પણ જોડાણ કરવામાં આવશે. 13 લાખ મિલિયન ઘન મીટર વિસ્તારમાં પાણીનો સંગ્રહ થતાં વિશ્વનું સૌથી મોટું મીઠા પાણીનું તળાવ બનશે.આ પ્રોજેક્ટથી સૌરાષ્ટ્રના 9 જિલ્લા, 42 તાલુકાના 10 લાખ હેક્ટર વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળશે. ભાવનગર જવાનો રસ્તો 200 કિમીનો ટૂંકો થશે, લાખો લિટર ઈંધણ બચશે અને લોકોનો સમય બચશે. દરિયાના પાણીથી ખારપાટ થયેલો હજારો હેક્ટરમાં ફેલાયેલો આખો વિસ્તારનું પાણી મીઠું થશે, ભૂગર્ભ જળ ઊંચું આવશે અને ખેડૂત સમૃદ્ધ થશે.આ પ્રોજેક્ટને તૈયાર થતા 8થી 10 વર્ષ લાગશે. આ પ્રોજેક્ટ માટે સરકારે નેધરલેન્ડ સાથે એમઓયુ કર્યા છે. હજુ ડીપીઆર થયું છે, તેના પ્લાન એસ્ટીમેટની કામગીરી બાકી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજના નવા હોદ્દેદારોની વરણી



બારડોલી: શ્રી સુરત જિલ્લા લેઉવા પાટીદાર સમાજ, બારડોલીની ૪૧મી વાર્ષિક સાધારણ સભા રવિવારે મળી હતી. જેમાં હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી. નવા પ્રમુખ તરીકે ખરવાસાના કિરીટભાઈ ભગુભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ઉપપ્રમુખ પદની જવાબદારી ગોડધાના નરેશભાઈ કેશવભાઈ પટેલને સોંપવામાં આવી છે. આ ઉપરાંત, મંત્રી તરીકે માંગરોલીયાના ડો. આનંદભાઈ મહેશભાઈ પટેલની અને સહમંત્રી તરીકે ઈસરોલીના મનીષભાઈ છોટુભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી છે.

### રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પલસાણા તાલુકાનો યુવા સંગમ કાર્યક્રમ

પલસાણા : 'રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા અને સાચી દિશા' આજની સોશિયલ મીડિયા અને ડિજિટલ યુગની દુનિયામાં, સંઘ વાસ્તવમાં શું છે? સંઘનું સાચું કાર્ય શું છે? અને દેશના વિકાસમાં યુવાનોનું શું યોગદાન હોઈ શકે? આ તમામ વિષયો પર સચોટ માર્ગદર્શન મેળવવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના સુરત જિલ્લા કાર્યવાહ શ્રી મનોજભાઈ કાલસરિયાની અધ્યક્ષતા માં કડોદરા અકળમુખી હનુમાન મંદિર પરિસરમાં ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સંઘ પરિવાર ના ગૌરાંગ દેસાઈ તથા તમામ હોદેદારો પદાધિકારીઓ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### અંકલેશ્વરમાં દક્ષિણ ગુજરાત કોળી સમાજની બેઠક યોજાઇ


સુરેશ ગાંધી

અંકલેશ્વર : અંકલેશ્વરના શારદા ભવન ખાતે દક્ષિણ ગુજરાત કોળી સમાજ દ્વારા સામાજિક શૈક્ષણિક અને રાજકીય વર્તમાન સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. દક્ષિણ ગુજરાત કોળી સમાજ દ્વારા અંકલેશ્વરના શારદા ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકી ,અખિલ ભારતીય કોળી સમાજ દિલ્હીના કાર્યકરી પ્રમુખ ચંદ્રકાન્ત પીઠાવાલા ,અખિલ ભારતીય કોળી સમાજ દિલ્હીના કાર્યકરી પ્રમુખ મનુભાઈ ચાવડા વિશેષ ઉપસ્થિતિમાં સામાજિક શૈક્ષણિક અને રાજકીય વર્તમાન સમીક્ષા બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું.

### માંડવીના બલેઠીમાં વનમંત્રીએ સિવણ ક્લાસનું ઉદ્ઘાટન કર્યું


હિતેશ પટેલ

માંડવી : વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના બલેઠી ગામની મુલાકાત લઈ જોઇન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ કમિટી (JFMC), વન સમિતિના સભ્યો અને સ્થાનિક ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે તેમણે ગામમાં મહિલા સશક્તિકરણ, વન સંરક્ષણ અને સ્વરોજગારીના ક્ષેત્રે થઈ રહેલા નોંધપાત્ર કાર્યોની પ્રશંસા કરી હતી. આ અવસરે બારડોલીના સાંસદ પ્રભુભાઈ વસાવાની વિશેષ ઉપસ્થિત રહી હતી.

### માંગરોળના કોસાડી ગામે ધી સાયણ વિભાગ ખાંડ મંડળીની ખેડૂત બેઠક યોજાઇ


જયેશ પટેલ

સાયણઃ રવિવારના રોજ માંગરોળ તાલુકાના કોસાડી ગામ ખાતે ધી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી. સાયણ દ્વારા મહત્વપૂર્ણ ખેડૂત બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક મંડળીના ચેરમેન કેતનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સાંજે 4:00 કલાકે યોજાઈ હતી. જેમાં આગામી પીલાણ સીઝનને ધ્યાનમાં રાખીને શેરડીના પુરવઠા બાબતે ચર્ચા શેરડીમાં હાલ જોવા મળતા વિવિધ રોગો અને તેના નિવારણ અંગે માર્ગદર્શન શેરડીના નવા રોપાણ અંગે વિસ્તૃત માહિતી ઉપસ્થિત ખેડૂતોએ શેરડીનું વાવેતર વધારવા અને મંડળીમાં પૂરતા પ્રમાણમાં શેરડીનો પુરવઠો પૂરો પાડવા માટે સહકારની ખાતરી આપી હતી. આ પ્રસંગે મંડળીના વાઇસ ચેરમેન દર્શનભાઈ નાયક સહિત મંડળીના તમામ ડિરેક્ટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જંબુસરમાં રાજપૂત યુવા સંઘની શિબિર યોજાઇ



ભરૂચ : જંબુસર ખાતે અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા મહિલા સંઘ અને યુવા પાંખ, ભરૂચ જિલ્લાના સંયુક્ત ઉપક્રમે કાર્યકર્તા ઘડતર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી ડો. જયેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું કે, સમાજની જરૂરિયાત મુજબ સમાજના તમામ વર્ગો એકસાથે આવે તો શિક્ષણનું પ્રમાણ વધે છે. પરિવારમાં સંસ્કારનું સિંચન થાય તેમજ નવી પેઢીને શિક્ષણ સાથે પરંપરા તથા સંસ્કૃતિ સાથે જોડાયેલી રાખવી જોઈએ.

### શ્રી સાયણ વિભાગ કેળવણી મંડળની 83મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સાયણઃ રવિવાર ના રોજ શ્રી સાયણ વિભાગ કેળવણી મંડળ, સાયણ સંચાલિત ડી.આર.જી.ડી. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે મંડળની 83મી વાર્ષિક સાધારણ સભા સંસ્થાના ઉપપ્રમુખ દર્શનભાઈ એ. નાયકના અધ્યક્ષ સ્થાને સ્કુલના સભાખંડ મળી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાનો તરીકે સાયણ સુગરના પ્રમુખ કેતનભાઈ પટેલ, ઉપપ્રમુખ જતીનભાઈ પટેલ, કામરેજ સુગરના ડિરેક્ટર વિરલભાઈ પટેલ, સાયણ સુગરના માજી પ્રમુખ અને હાલના ડિરેક્ટર રાકેશભાઈ પટેલ, ખેડૂત સમાજના અગ્રણી જયેશભાઈ પટેલ તથા ઓલપાડ-ચોર્યાસીના ધારાસભ્ય તુષારભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

Milano
MULTIPLEX
બારડોલી
The Vvaan
10:00am, 01:00pm, 4:00pm, 7:00pm, 10:00pm,
Avengers : engame encore
11:00am, 5:45pm,
The paradise
2:30pm, 6:00pm, 9:30pm,
Mitrata - Gujarati : 12:00pm
Hanuman Ansh : 3:00pm, 9:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333